# Assignment Cost Account

**ઉદાહરણ :- 1**

2019 ના વર્ષ માટે કંપનીના ચોપડામાંથી નીચેની વિગતો મેળવવામાં આવી છે.

| | |
|---|---|
| ઉત્પાદન અને વેચાણ | 2000 એકમો |
| | રૂપિયા |
| પ્રત્યક્ષ માલસામાન | 150000 |
| પ્રત્યક્ષ મજૂરી | 80000 |
| પ્રત્યક્ષ ખર્ચા | 20000 |
| કારખાના પરોક્ષ ખર્ચા | 60000 |
| ઓફિસના પરોક્ષ ખર્ચા | 30000 |
| વેચાણના પરોક્ષ ખર્ચા | 40000 |
| નફો | 38000 |
| | 4,18,000 |

એવું નક્કી થયું છે કે કારખાનાના પરોક્ષ ખર્ચના 60% ઉત્પાદન સાથે સીધા રીતે બદલાય છે અને પરોક્ષ વેચાણ ખર્ચના 80% વેચાણ સાથે બદલાય છે.

2020 ના વર્ષ દરમિયાન એવું અંદાજવામાં આવ્યું છે કે ઉત્પાદન અને વેચાણ 5000 એકમોનું થશે. એકમદીઠ પ્રત્યક્ષ મજૂરી ખર્ચમાં 10% નો વધારો થશે. સ્થિર કારખાનાના પરોક્ષ ખર્ચમાં રૂ.6000 નો વધારો થશે. ઓફિસ પરોક્ષ ખર્ચા અને સ્થિર વેચાણ પરોક્ષ ખર્ચમાં 20% વધારો થશે. પરંતુ તે સિવાય કોઈ ફેરફાર થવાની ધારણા નથી.

2019 ના વર્ષમાં પડતર પર મળેલ નફાનો દર મેળવવા એકમ કઈ કિંમતે વેચવું જોઈએ તે દર્શાવતું 2017 ના વર્ષ માટેનું પડતર પત્રક તૈયાર કરો.

## અસાઇમેન્ટ:૨

મેસર્સ રાજ એન્ટરપ્રાઇઝ બે જાતના પાઇપ 'અ' અને 'બ' બનાવે છે. તા ૩૧મી માર્ચ, ૨૦૨૦ ના રોજ પૂરા થતા વર્ષ માટે ઉત્પાદનના પડતર નીચે મુજબ હતા :-

| | |
|---|---|
| કાચા માલનો વપરાશ | 630000 |
| પ્રત્યક્ષ મજુરી | 294000 |
| સીધા ખર્ચા | 111000 |
| કારખાના પરોક્ષ ખર્ચા | 156000 |

વધારાની માહિતી નીચે મુજબ છે :-

(1) 'અ' પ્રકારની પાઇપમાં એકમદીઠ કાચા માલની પડતર 'બ' પ્રકારની પાઇપની એકમદીઠ પડતર કરતાં ચાર ગણી છે.
(૨) 'બ' પ્રકારમાં એકમદીઠ પ્રત્યક્ષ મજુરી અ પ્રકારની એકમદીઠ પ્રત્યક્ષ મજુરીના 60% છે.
(3) બ પ્રકારમાં સીધા ખર્ચા એકમદીઠ ૨. 3 છે. બાકીના ખર્ચા અ ને લાગતા છે.
(4) 'અ' અને 'બ' બંને પ્રકારની પાઇપમાં એકમદીઠ કારખાનાના પરોક્ષ ખર્ચા સરખા છે.
(5) દરેક પ્રકારમાં ઓફિસ પરોક્ષ ખર્ચા પ્રાથમિક પડતરના ૨૦% છે.
(6) 'અ' અને 'બ' પ્રકારની પાઇપનો વેચાણ ખર્ચ એકમદીઠ અનુક્રમે ૩.૧ અને ૨.6 છે.
(7) વર્ષ દરમિયાન ઉત્પાદન અને વેચાણ:-
'અ' પ્રકાર :- 7500 પાઇપો, જેમાંથી 7000 વેચવામાં આવી હતી.
'બ' પ્રકાર :- 12000 પાઇપો, જેમાંથી 11800 વેચવામાં આવી હતી.

(૪) પાઈપલાઈન ઉપાગા કિંમત :-

'અ' રૂ.૧૬૭ અને 'બ' રૂ.૯૬ દરેક પ્રકારની પાઈપની ઓવરહેડ તેમજ કુલ પડતરનું પત્રક તૈયાર કરો.

એસાઇમેન્ટ :- 3

પાર્થ લિમિટેડના નાણાકીય હિસાબોમાંથી નીચેની માહિતી મળે છે:

| | | રૂ. |
|---|---|---|
| કાચા માલનો શરૂઆતનો સ્ટોક | | 29000 |
| કાચા માલની ખરીદી | | 1,87,000 |
| કાચા માલનો આખર સ્ટોક | | 32,000 |
| : ચૂકવેલ | 280,000 | |
| ચૂકવવાનું બાકી | 18,000 | 298,000 |
| કારખાનાના શિરોપરી ખર્ચા | | 1,90,750 |
| વહીવટી પરોક્ષ ખર્ચા | | 1,22,500 |
| વેચાણ ખર્ચ | | 1,00,000 |
| વિતરણ ખર્ચ | | 64,000 |
| ચાલુ કામ ખાતે આખરસ્ટોક: | | |
| માલસામાન | 4000 | |
| વેતન | 5500 | |
| કારખાના ખર્ચ | 3300 | 12800 |
| વેચાણ (7600 એકમો) | | 912000 |
| પ્રાથમિક ખર્ચ માંડી વાળેલ | | 5000 |
| પેનલ્ટી ચૂકવી | | 2000 |
| ડિબેન્ચર વટાવ માંડીવાળેલ | | 7500 |
| ભાડાની આવક | | 3000 |
| ડિવિડન્ડની આવક | | 2500 |
| તૈયાર માલનો આખરસ્ટોક (1400 એકમો) | | 117,600 |

પડતરના હિસાબો માટે નીચેની પદ્ધતિ અપનાવવામાં આવે છે:

(૧) માલસામાન અને મજૂરી તેની પડતર કિંમતે દર્શાવાય છે.
(૨) કારખાના શિરોપરી ખર્ચ પ્રત્યક્ષ વેતનના ૬૦% લેખે ~~ગણવામાં~~ ગણવામાં આવે છે.
(૩) વહીવટી પરોક્ષ ખર્ચ એકમદીઠ રૂ. ૧૨ લેખે ગણાય છે.
(૪) વેચાણ ખર્ચ એકમદીઠ રૂ. ૩૦ ગણાય છે.
(૫) વિતરણ ખર્ચ વેચાણના ૫% લેખે ગણાય છે.

ઉપરની વિગતો પરથી: (૧) નાણાકીય હિસાબો મુજબનું વેપાર અને નફાનુકસાન ખાતું (૨) પડતરનું પત્રક (૩) મેળવણી પત્રક તૈયાર કરો.

અસાઈમેન્ટ 4

એક્સ એન્ડ્ય. કંપનીના નાણાકીય હિસાબો એક વર્ષના કુલ ખર્ચા નીચે મુજબ હતાં.

| | રૂ. |
|---|---|
| માલસામાનનો વપરાશ | ૨,૦૦,૦૦૦ |
| પ્રત્યક્ષ મજૂરી | ૧,૦૦,૦૦૦ |
| કારખાનાના ખર્ચા | ૭૦,૦૦૦ |
| ઓફિસ ખર્ચા | ૪૯,૦૦૦ |
| વેચાણ ખર્ચા | ૨૦,૦૦૦ |
| | 4,65,000 |

પડતરના હિસાબો મુજબ માલસામાન અને મજૂરી તેની ખરેખર પડતર કિંમતે ઉધારવામાં આવે છે, પરંતુ કારખાનાના પરોક્ષ ખર્ચા પ્રત્યક્ષ મજૂરીનાં ૬૦ % લેખે અને ઓફિસના પરોક્ષ ખર્ચા કારખાનાની પડતરના ૨૬ % લેખે વસૂલ કરવામાં આવે છે, જ્યારે વેચાણ પરોક્ષ ખર્ચા વેચેલ એકમ દીઠ રૂ. ૧૦ લેખે વસૂલ કરવામાં આવે છે.

વર્ષની શરૂઆતમાં કોઈ તૈયાર માલનો સ્ટોક ન હતો. વર્ષ દરમિયાન ૧૦૦૦ એકમોનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું અને તે પૈકી ૯૦૦ એકમોનું વેચાણ રૂ. ૬,૫૦,૦૦૦ ની કિંમતે કરવામાં આવ્યું હતું.

તમારે નાણાકીય હિસાબો તેમ જ પડતરના હિસાબો મુજબ નફો (કે નુકસાન) દર્શાવતા પત્રકો તૈયાર કરવાના છે. વધુમાં, બંને પ્રકારના હિસાબી ચોપડા મુજબના નફાની મેળવણીનું પત્રક તૈયાર કરવાનું છે.